**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૩ જાન્યુઆરી ૨૦૦૯**

## મતદાર યાદીઓ કયારે પ્રસિધ્ધ થશે ? : રામ નાઈક

**મુંબઈ,મંગળવાર :** નવી મતદાર યાદીઓ ૧૦ જાન્યુઆરી એ પ્રસિધ્ધ થશે એવી જાહેરાતો કરીને પણતે પ્રસિધ્ધ થયેલ નથી,એટલુંજ નહીં પણ તે કયારે પ્રસિધ્ધ થશે તેની અધિકૃત માહિતી પણ હજૂ સૂધી આપવામાં આવેલ નથી,આ પરત્વે માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે દેશનાં મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રી એન.ગોપાલસ્વામી નું ધ્યાન દોર્યુ છે.તેમજ હાલ સૂધી મતદાર યાદીમાંના લાખો બેવડ નોંધાયેલ મતદારોનાં નામ કાઢી નાખવાની કાર્યવાહી થયેલ છે કે નહીં તેની માહિતી પણ આપવામાં આવી નથી એમ પણ આજે બહાર પાડેલ એક અખબારીયાદી માં શ્રી રામ નાઈકે કહ્યું છે.

આ સંદર્ભે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે,"નવેંબર મહિનામાં મહારાષ્ટ્ર ખાતે મતદાર નોંધણી જૂંબેશ ચલાવવામાં આવી હતી.ત્યારબાદ મહારાષ્ટ્ર ચૂંટણી કમિશ્નરે અંતિમ મતદાર યાદીઓ ૧૦ જાન્યુઆરીએ પ્રસિધ્ધ થશે એવું કહ્યું હતું.તે મુજબની જાહેરાતો પણ અખબારોમાં આપી હતી.પણ પ્રત્યક્ષપણે હાલ સૂધી નવી મતદાર યાદીઓ પ્રકાશીત થઈ નથી.એટલુંજ નહીં પરંતુ તે આખરે કયારે બહાર પડશે તે પણ અધિકૃતપણે કશું જ જાહેર કરવામાં આવ્યું નથી.માટે નવી યાદીઓ ચોકકસ કયારે બહાર પડશે તેની માહિતી નાગરિકોને આપવામાં આવે ,એમુજબની માગણી દેશના મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રી. એન.ગોપાલસ્વામી પાસે કરવામાં આવી છે."

તેજ પ્રમાણે યાદીઓમાં બહોળાં પ્રમાણમાં બેવડ નોંધાયેલ મતદારોની તપાસ કરવાનો હુકમ જો મુખ્ય ચૂંટણી કમિશ્નરે આપ્યો હોય તો હાલ સૂધી તે બાબતે પણ કોઈ ઠોસ કાર્યવાહી થયેલ નથી તેવો મત વ્યકત કરી શ્રી. રામ નાઈકે કહ્યું હતું કે,"ઉત્તર મુંબઈ ની મતદાર યાદીઓમાં ના ૩,૮૦,૪૬૭ બેવડ નોંધયેલા મતદારોની યાદી મુખ્ય ચૂંટણી કમિશ્નર ના નિર્દેશ મુજબ મહારાષ્ટ્રનાં મુખ્ય ચૂંટણી અધિકારીઓને એપ્રિલ ૨૦૦૮ માં આપી હતી તેનાપર તપાસ ચાલૂ હોવાનું સમયે-સમયે મહારાષ્ટ્ર નાં મુખ્ય ચૂંટણી કમિશ્નર અધિકારીઓએ મૌખિક કહ્યું હતું.પણ આ બાબતે ચોકકસ શું કાર્યવાહી ચાલી રહી છે તેની જાણ નથી." મતદાર યાદીઓ જો કોઈપણ ઘડીએ પ્રસિધ્ધ થવાની હોયતો આ બેવડ નોંધાયેલ મતદારો બાબતે ચૂંટણી પંચે ચોકકસ શું કાર્યવાહી કરી છે તેની પણ માહિતી આપવામાં આવે,તેમજ ૩,૮૦,૪૬૭ બીજી ફેરા નહીં હોય તેની કાળજી લેવી એમુજબની વિનંતી પણ શ્રી રામ નાઈકે મુખ્ય ચૂંટણી કમિશ્નર પાસે કરેલ છે.

**(કાર્યાલય સચિવ)**

**સંલગ્ન : મુખ્ય ચૂંટણી કમિશ્નરને લખેલ પત્ર**